ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૩ ડીગ્રી
લઘુતમ : ૧૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૫ ટકા

# ક્રિસમસ કાઉન્ટ ડાઉન : ચર્ચમાં શણગારની તૈયારીઓ શરૂ





નાતાલ પર્વની ઉજવણીને હવે ગણતરીના જ દિવસો બાકી રહયા છે ત્યારે ગાંધીનગરમાં આવેલી ચર્ચને શણગારવાની કામગીરી ચાલુ કરાઈ છે. ચર્ચને રોશનીથી શણગારતા આકર્ષણનું કેન્દ્ર બની ઉઠશે. ચર્ચની બહાર-અંદર ખ્રિસ્તી સમાજના યુવા વર્ગ દ્વારા રોશની અને અલગ અલગ પ્રકારના સુશોભનની કામગીરી વેગવંતી બની છે. ક્રિસમસ ટ્રી સાથે સ્ટારનો આકર્ષક શણગાર થઈ રહયો છે. ચર્ચ રાત્રી દરમિયાન રોશનીનું આ શણગારથી ઝળહળી ઉઠશે.

## એમબી પટેલ પ્રાથમિક શાળામાં ફેમીલી ટ્રી બનાવવાની પ્રવૃતિ યોજાઈ



ગાંધીનગર, તા.૨૦


એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધો.૩ વિષય અંગ્રેજીની સહ અભ્યાસિક પ્રવૃતિ અંતર્ગત ફેમીલી ટ્રી બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના શિક્ષક હિનલબેન, રીતુબેન અને હિરેનભાઈએ આયોજન કર્યું હતું તથા સુપરવાઈઝર સંગીતાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું અને આચાર્ય બહેન નીરૂબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## સે.૧૨ના ડો.આંબેડકર ભવનનું રિનોવેશન કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૦

સમાજ કલ્યાણ ખાતાના નિવૃત્ત અધિકારીઓના મંડળના પ્રતિનિધિઓએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાની શુભેચ્છા મુલાકાત લઈને અનુ.જાતિ કલ્યાણ માટેની કેટલીક યોજનાઓ માટે સુચનો કર્યા હતા. સે.૧૨ખાતેનો ડૉ.આંબેડકર ભવન છેલ્લા ત્રણ વર્ષથી બંધ હાલતમાં છે તેના રિનોવેશનની ટેન્ડર પ્રક્રિયા થઈ ગઈ છે, એટલે તાત્કાલિક ધોરણે રિનોવેશન કરાવવા રજુઆત કરી હતી. ખાસ કરીને અનુ.જાતિની સંસ્થાઓ, કર્મશીલો દ્વારા સામાજિક કાર્યક્રમો માટે આ ભવન ખુબ ઉપયોગી છે. એટલે તેનું ઝડપથી રિનોવેશન થાય તે ખુબ જ જરૂરી છે. આ બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબીનેટ મંત્રીશ્રીએ આ કામ પ્રાયોરિટીના ધોરણે હાથ ધરવા સંબંધિતોને યોગ્ય સુચના આપવા જણાવ્યું હતું. આ શુભેચ્છા મુલાકાત દરમ્યાન મંડળના પ્રમુખ પી.એમ.ચાવડા, મહામંત્રી વસંત જાદવ,પી.બી.શ્રીમાળી, એમ.આર.રેવર, ડી.કે ચૌહાણ, એન.જે. શ્રીમાળી, વડોદરા આંબેડકર ભવનના પ્રમુખ મણીભાઈ પરમાર, રાજકોટથી સૈયદ, તેમજ એન.જે.શ્રીમાળી અને દલિત અધિકાર સંઘનાં પદાધિકારીઓ હાજર રહ્યા હતા.





ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. પ્રશાંત પટેલના પુસ્તક 'રુમઝૂમ વાગે ઘૂઘરા' (મધ્ય ગુજરાતનાં લોકગીતો)નું પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રીશ્રી મૂળુભાઈ બેરા અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાના હસ્તે વિમોચન થયું. આ પ્રસંગે ડૉ. રાજેશ મકવાણા, ડૉ. અજયસિંહ ચૌહાણ અને ડૉ. રાજેશ મકવાણા, ડૉ. અજયસિંહ ચૌહાણ અને ડૉ. નરેન્દ્ર વસાવા હાજર રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે મધ્ય ગુજરાતના પાંચ જિલ્લાના લગ્નગીતોનું આ પ્રથમ પુસ્તક છે. આપણી વિસરાતી જતી વિરાસતને આ પુસ્તકમાં સાચવી લેવામાં આવી છે

## સે-૪/એમાં તા.૨૦થી ૨૮ સુધી શ્રીરામ કથાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૪/એ ઓમકારેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં તા.૨૦થી ૨૮ ડીસેમ્બર સુધી શ્રીરામ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જે બપોરે ૨ થી ૫ વાગ્યા સુધી યોજાશે. કથાના વક્તા પ્રકાશભાઈ દવે છે. શ્રીરામ કથા રાધે મંડળ, ઉમિયા મંડળ, સખી મંડળ અને બુટ ભવાની મંડળના સહયોગથી આયોજિત કરાઈ છે તો દરેક ભાવિક ભક્તોને કથામાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર કાશીબેન કાળાજી** ઉ.વ.૭૯, શિહોલી મોટી
- **સ્વ.સુખડીયા જ્યોત્સનાબેન ગીરીશકુમાર** ઉ.વ.૬૫, રૂપાલ
- **સ્વ.પ્રજાપતિ કાંતિભાઈ ભઈજીભાઈ** ઉ.વ.૭૦, શિહોલી મોટી



સેક્ટર ૪/એમાં શ્રીરામ કથાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ શ્રીરામ કથાનું આયોજન તારીખ ૨૮ ડિસેમ્બર સુધી કરવામાં આવ્યું છે જેમાં પધારવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવ્યો હતું.

## રાજપૂત સમાજનો ૨૫મો રજત જયંતિ સમુહ લગ્નોત્સવ કોલવડામાં યોજાશે

### ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને રાજપૂત સમાજ ગાંધીનગરની સંયુક્ત બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને રાજપૂત સમાજ ગાંધીનગરનો સંયુકત સભ્યોની બેઠક ગઈકાલે સમાજ ભવન ખાતે મળી હતી જેમાં પ્રમુખ રતનસિંહ વાઘેલા અને લગ્ન સમિતિના અધ્યક્ષ જશુભા પરમારે જણાવ્યું હતું કે ૨૫મો લગ્નોત્સવ ૨૫મી ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ કોલવડા મુકામે યોજાશે તે અંગે સ્થળની પસંદગી પણ કરી દેવામાં આવી છે. વાઘેલાએ વધુમાં જણાવ્યું કે સૌના સાથ સહકારથી ૨૫મો લગ્નોત્સવ કરવામાં આવશે જેનો અંદાજિત ખર્ચ એક કરોડ ઉપરાંત કરવામાં આવશે.

આ પ્રસંગે પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ગોલે જણાવ્યું હતું કે મારા દિકરા રાજદીપસિંહના તાજેતરમાં લગ્ન થયા તે પ્રસંગે આવેલા રૂા. સાત લાખ ચાંલ્લો સમાજના સર્વાંગી વિકાસ માટે વાપરવામાં આવશે આ પહેલ કરતાં સૌ આગેવાનોએ ગોલને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત તેમના પુત્ર રાજદીપસિંહ ગોલ તેમના દાદીના સ્મર્ણાર્થે વધુ રૂા.પચાસ હજાર સમુહ લગ્ન પ્રસંગે આપવાની જાહેરાત કરી હતી આ ઉપરાંત વિવિધ કારોબારી સભયોએ પણ સમુહ લગ્નમાં ફાળો નોંધાવ્યો હતો.

આ પ્રસંગે કેસરીસિંહ વાઘેલા જાણીતા ધારાશાસ્ત્રી પી.પી .બિહોલા, કેસરીસિંહ વાઘેલા, ભીખુસિંહ ચાવડા સમાજના શહેર પ્રમુખ પ્રવિણસિંહ ડાભી, જુજારસિંહ ડાભી, રાજદીપસિંહ ગોલ, વિનોદસિંહ રાઠોડ વગેરેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. લગ્ન સમિતિના અધ્યક્ષ જશુભા પરમારે ૨૫મા લગ્ન મહોત્સવની રૂપરેખા આપી હતી.

મહામંત્રી ભરતસિંહ બિહોલાએ કાર્યક્રમનું સંચાલન કરી આભારવિધિ કરી હતી. આ પ્રસંગે નવનિયુકત સભ્યો, કારોબારી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

## જન્મદિને વધામણી



રાજેન્દ્રસિંહ ચાવડા



હિતેન્દ્રસિંહ ગોહિલ



જે.ઓ. શાહ
ઉપપ્રમુખ, વીવાયઓ, ગાંધીનગર
મો. ૯૭૨૭૭ ૬૮૮૮૩



હાર્દિક પરીખ
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭



રીતુ જે પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



પ્રફુલ આર. પંચાલ



રુદ્ર હાર્દિક જોષી

## ગંગા નદીના તોફાની પાણીમાં આકર્ષણના દ્રશ્યો



ગાંધીનગર, તા.૨૦

ઋષિકેશમાં રિવર રાફ્ટિંગએ ભારતની સૌથી આકર્ષક સાહસિક પ્રવૃત્તિ છે અને દર વર્ષે દેશ-વિદેશના લાખો પ્રવાસીઓ તેનો આનંદ માણે છે ત્યારે મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતું કે શિવપુરીથી ઋષિકેશ, સતત ૧૬ કિલોમીટર સુધી ગંગા નદીના તોફાની પાણીમાં આકર્ષણના દ્રશ્યો, રેપીડના વિવિધ ગ્રેડ અને રાફ્ટીંગનો એક જબરદસ્ત સાહસનો અનુભવ રહ્યો હતો. રાફ્ટીંગમાં અમારી ગુજરાત અને મુંબઈ ટીમનો સમાવેશ થયો હતો અને તમામ સભ્યોએ સમાન ધ્યેય તરફ કામ કર્યું હતું. રાફ્ટીંગ કરવાથી સકારાત્મક વલણ, લડવાની ભાવના અને અનેક ખુશીઓ મળી સાથે અનેક પડકારોમાંથી પરાજિત એ હંમેશાં માનસિક પ્રોત્સાહન છે.

## એસકે પટેલ સ્કુલ ખાતે સ્નો થ્રો એક્ટિવીટી



ગાંધીનગર, તા.૨૦

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ન્યુઝ પેપર પેપરના બૉલ બનાવીને જુદા જુદા એ. બી. સીના અક્ષરો પર, નંબર પર, સ્પેલિંગ પર, શેપ પેપર બૉલ થ્રો કરીને શિક્ષિકાઓએ બાળકોને રમત રમત માં એ. બી. સી ના અક્ષરો, નંબરઓ, શેપસ વગેરેની ઓળખાણ કરાવી હતી. જેમાં નાના નાના ભૂલકાં ઓએ ન્યુઝ પેપર પરમાંથી બનાવેલા બોલ થ્રો કરીને બાળકોએ અદભૂત આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## ગુરૂકૃપા ફાઉન્ડેશનનો છઠ્ઠો વાર્ષિકોત્સવ ઉજવાયો




ગુરૂકૃપા ફાઉન્ડેશન ૫ વર્ષ પુરા કરી ૬ઠા વર્ષમાં મંગલં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે જીવદયાપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સંસ્થાની કામગીરીના વખાણ કર્યા હતા. ગુરૂકૃપા ફાઉન્ડેશન છેલ્લા ૫ વર્ષમાં કોરોનામાં ફ્રી ટીફીન સેવા, ખારાઘોડામાં અગરીયા પરીવારને ધાબળા સ્વેટર ટોપી વિતરણ, અમદાવાદમાં મજુરી કામ આવતા શ્રમજીવી પરિવારોને સંપૂર્ણ ભોજન વ્યવસ્થા કરવા દર રવિવારે, ગરીબ બાળકોને ચોપડા વિતરણ, ગૌશાળામાં રૂબરૂ મુલાકાત લઈને જરૂરી ઘાસચારો અને અબોલ જીવોને દવાઓ અને પૌષ્ટિક આહાર જાતે ખવડાવી તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. આવી તો અનેક જીવદયા અને માનવસેવા માટે ગુરૂકૃપા ફાઉન્ડેશન કામગીરી કરે છે છેલ્લે ગૌરાંગભાઈ મહેતાએ દરેક દાતાશ્રીઓનો આભાર માન્યો હતો જે લોકો થકી આ કામગીરીને પુરી કરવા સહયોગ આપ્યો હતો.